જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૦૮-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

કોંગ્રેસ અબ હોગા ન્યાયના સહારે લોકસભા ચૂંટણીમાં ઝંપલાવશે,લોન્ચ કર્યું પોસ્ટર

૨૦૧૯ સર કરવા કોંગ્રેસનું નવું શસ્ત્રઃ 'અબ હોગા ન્યાય'

અમારુ અભિયાન ન્યાય આધારીત,દેશનો યુવાન નોકરી માટે,ખેડૂતો યોગ્ય ભાવ માટે,મહિલાઓ સુરક્ષા માટે ન્યાય માંગી રહી છેઃ કોંગ્રેસ

ન્યુ દિલ્હી

લોકસભાની ચૂંટણી માટે પહેલા તબક્કાનુ મતદાન ૧૧ એપ્રિલે થવાનુ છે.તે પહેલા જોર શોરથી ચૂંટણી પ્રચાર ચાલી રહ્યો છે. લોકસભાની વર્તમાન ચૂંટણી માટે કોંગ્રેસે પ્રચાર કરવા માટેનો પોતાનો મુખ્ય નારો નક્કી કરી લીધો છે.કોંગ્રેસે " અબ હોગા ન્યાય" નો નારો નક્કી કર્યો છે.જેના સહારે લોકસભા ચૂંટણી લડવામાં આવશે.

કોંગ્રેસના આ નારામાં ન્યાયનો અર્થ ગરીબો માટે પ્રતિ વર્ષ ૭૨૦૦૦ રુપિયા આપવાની ન્યાય યોજનાના સંદર્ભમાં છે.કોંગ્રેસે આટલી રકમ ગરીબોને આપવાનો વાયદો કર્યો છે. કોંગ્રેસ પ્રચાર સમિતિના અધ્યક્ષ આનંદ શર્માએ કહ્યુ હતુ કે, અમારુ અભિયાન ન્યાય આધારીત છે.દેશનો યુવાન નોકરી માટે, ખેડૂતો યોગ્ય ભાવ માટે, મહિલાઓ સુરક્ષા માટે ન્યાય માંગી રહી છે.

રાહુલ ગાંધીએ પોતે ગરીબોને દર વર્ષે ૭૨૦૦૦ રુપિયા આપવાની ન્યાય યોજના લોન્ચ કરી હતી.પ્રિયંકા ગાંધીએ આ એલાનને ગરીબી પરનો સૌથી મોટો પ્રહાર ગણાવી હતી.



આરોગ્યની કાળજી માટે અધિકાર તથા એક નેટવર્ક હેઠળની જાહેર અને યાદીસૂચિત ખાનગી હોસ્પિટલોમાં મફત ડાયગ્નોસિટ્કસ, આઉટ-પેશન્ટ્સ કેર, મફતમાં દવાઓનું વિતરણ તથા હોસ્પિટલાઈઝેશન માટે કોંગ્રેસે તેના ચૂંટણીઢંઢેરામાં વચન આપ્યું છે.

પાર્ટીએ વચન આપ્યું છે કે તે સત્તા પર આવશે તો ૧૭મી લોકસભાના પહેલા જ સત્રમાં લોકસભા તથા રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા સીટ અનામત રાખવા માટેનો મહિલા અનામત ખરડો પાસ કરશે. કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યું છે કે, ગરીબી પર વાર, રૂ. ૭૨ હજાર, અબ હોગા ન્યાય સૂત્ર અમારા ચૂંટણી પ્રચારમાં અગ્રસ્થાને રહેશે.

પાર્ટીએ તેનું સત્તાવાર પ્રચાર ગીત પણ લોન્ચ કર્યું છે જેનાં શબ્દો જાણીતા બોલીવૂડ ગીતકારો જાવેદ અખ્તર તથા નિખીલ અડવાણીએ લખ્યાં છે.

રેલ્વેએ ૨૦૧૮-૧૯માં સૌથી ઓછી દુર્ઘટના સાથે ૪૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો

ન્યુ દિલ્હી

ભારતીય રેલવેએ સુરક્ષાના સ્તરે મોટી ઉપલબ્ધિ પ્રાપ્ત કરી છે. રેલવે એ વર્ષ ૨૦૧૮-૨૦૧૯માં માર્ચ સુધીમાં સૌથી ઓછી દુર્ઘટના સાથે છેલ્લા ૪૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે. વર્ષ ૧૯૮૦ ૮૧માં ૧૧૩૦ જેટલી દુર્ઘટનાઓ સર્જાઈ હતી, જે ઘટીને વર્ષ ૨૦૧૮ ૧૯માં માત્ર ૫૯ જેટલી નોંધાઈ છે.

આ રીતે રેલવે દુર્ઘટનામાં ૯૪.૮ ટકાનો ઘટાડો નોંધાયો છે. એવી જ રીતે વર્ષ ૧૯૮૧ ૮૨માં દુર્ઘટનામાં મૃત્યુ પામનારા લોકોની સંખ્યા ૬૫૮ હતી જે વર્ષ ૨૦૧૮ ૧૯માં ઘટીને ૩૭ થઈ ગઈ હતી. જ્યારે વર્ષ ૨૦૧૭ ૧૮માં આ દુર્ઘટનાઓની સંખ્યા ૭૩ હતી.

આંકડાઓ અનુસાર વર્ષ ૧૯૯૦થી લઈને ૧૯૯૫ દરમિયાન પ્રતિ વર્ષ સરેરાશ ૫૦૦ દુર્ઘટનાઓ થતી હતી. જેમાં ૨૪૦૦ લોકોના મોત અને ૪૩૦૦ લોકો ઘાયલ થતાં હતાં. તેના એક દાયકા બાદ એટલે કે, ૨૦૧૩થી લઈને ૨૦૧૮ દરમિયાન પ્રતિ વર્ષ થતી દુર્ઘટનાઓની સરેરાશ સંખ્યા ઘટીને ૧૧૦ પર પહોંચી ગઈ હતી.

જ્યારે આ સમયગાળા દરમિયાન અંદાજે ૯૦૦ લોકના મોત થયાં હતા અને અંદાજે ૧૫૦૦ લોકો ઘાયલ થયાં હતાં. વર્ષ ૨૦૧૮ ૧૯ દરમિયાન ૫૯ રેલવે દુર્ઘટના થઈ, આ દુર્ઘટનાઓમાં ૩૭ લોકોના મોત થયાં જ્યારે ૧૦૮ લોકો ઘાયલ થયાં હતાં. આ પહેલા ભારતીય રેલવેએ ચાલુ વર્ષે જાન્યુઆરીમાં સુરક્ષાની દ્રષ્ટીએ મહત્વપૂર્ણ ઉપલબ્ધી પ્રાપ્ત કરાવતા માનવરહિત ફાટકોને નાબૂદ કરવાનું લક્ષ્ય પ્રાપ્ત કરી દીધું હતું.

મોદીથી સ્પીડ બ્રેકર દીદીની ઊંઘ ઉડી જાય છે,દીદી નિરાંતે સૂઈ પણ નથી શકતા

વોટ માટે માતાને ભુલી દીદી દેશના ટુકડા કરનારાઓ સાથે ઊભા છેઃ મોદી

કુચબિહાર

પશ્ચિમ બંગાળના કુચબિહારમાં એક ચૂંટણી રેલીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર જોરદાર નિશાન સાંધ્યું. પીએમ એ મમતા બેનર્જીને સ્પીડ બ્રેકર દીદી ગણાવતા આરોપ મૂક્યા કે તેમણે કેન્દ્રની યોજનાઓ પર દર વખતે બ્રેક લગાવાની કોશિષ કરી છે. આ દરમ્યાન પીએમે કહ્યું કે મમતા બેનર્જીનો ગુસ્સો બતાવી રહ્યો છે કે તેઓ આજકાલ ડરેલા છે અને આથી તેઓ શાંતિથી ઊંઘી પણ શકતા નથી.

રેલીમાં નરેન્દ્ર મોદીએ મમતા બેનર્જી પર સીધું નિશાન તાકયું. મોદીએ કહ્યું કે દીદી હવે એવા લોકોને સાથ આપી રહી છે જે ભારતમાં બે વડાપ્રધાન ઈચ્છે છે. શું ભારતમાં બે વડાપ્રધાન હોવા જોઈએ? પરંતુ દીદીએ મોદી વિરોધમાં પોતાના એવા સાથીઓ પર પણ મૌન સાંધી લીધું છે. પીએમ એ આગળ કહ્યું કે સ્પીડ બ્રેકર દીદી એ જો કેન્દ્ર સરકારની યોજનાઓને રોકી ના હોત તો આજે ઘણી બધી સુવિધાઓનો લાભ તમને પણ મળત. હવે દીદીને સબક શીખવાડવા માટે ૨૦૧૯ની આ લોકસભા ચૂંટણી આવી છે. જો તમે કેન્દ્રમાં અમને મજબૂત કરશો તો અમારો વિશ્વાસ માનો દીદી તમારા વિકાસ માટે મજબૂર થઈ જશે. તેમને ઝૂકવું પડશે. તેમણે સમજાઈ જશે કે તેમની મનમાની આગળ ચાલશે નહીં. કૂચબિહારમાં ભાષણ દરમ્યાન પીએમના નિશાના પર રાજ્યના સીએમ મમતા બેનર્જી જ રહ્યા. પીએમે મમતાને દરેક મોર્ચા પર ઘેર્યા. મોદીએ કહ્યું કે દીદીનો અસલી ચહેરો દુનિયાની સામે લાવવો જરૂરી છે. આ ધરતી એટલા સામર્થ્યથી ભરેલી છે પરંતુ તેઓ પશ્ચિમ બંગાળની સંસ્કૃતિને, અહીંના ગૌરવને, અહીંના નાગરિકોના જીવનને તબાહ કરવા પર તુલી છે.

ભાજપ દેશભક્તિના નામે ભેદભાવ કરે છે તેમના માટે દેશભક્તિની વ્યાખ્યા અલગ છે

દેશભક્ત હો તો રાજીવ-ઈન્દિરા ગાંધીનું પણ સન્માન કરો : પ્રિયંકા ગાંધી

લખનૌ,

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ભાજપના નેતાઓની દેશભક્તિ પર સવાલ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ભાજપ દેશભક્તિના નામે ભેદભાવ કરે છે તેમના માટે દેશભક્તિની વ્યાખ્યા અલગ છે. જો ભાજપના નેતા સાચા દેશભક્ત હોય તો તેમણે ભૂતપૂર્વ વડાપ્રધાનો ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી સહિત દેશના શહીદોનું સમ્માન કરવું જોઈએ.

તેમણે ઉત્તર પ્રદેશના ફતેહપુરમાં એક સભાને સંબોધતા જણાવ્યું હતું કે, જો તેઓ શહીદ થનારાને દેશભક્ત માને છે તો પછી તેમણે શહીદ થયેલા તમામને દેશભક્ત માનવા જોઈએ પછી તે હિન્દુ હોય કે મુસ્લિમ, કે પછી તેમના રાજકીય વિરોધીના પિતા. તેઓ પણ શહીદ છે. તેઓ પસંદગી નથી કરી શકતા કે કયા શહીદનું સન્માન કરવું. જો તેઓ સાચા દેશભક્ત છે તો પછી તે રાજીવ ગાંધી અને ઈન્દિરા ગાંધી સહિત તમામ શહીદોનું સમ્માન કેમ નથી કરતા. તેમણે જણાવ્યું હતું કે, ભાજપ પ્રત્યેક ચૂંટણીમાં દેશભક્તિનો મુદ્દો ઉઠાવે છે,

ચૂંટણી કે ઈવીએમમાં કોઈ ગરબડ ના થાય તો ભાજપ ઘરભેગો થશે તે નક્કીઃ માયાવતી

દેવબંદ

ઉત્તર પ્રદેશના દેવબંદમાં સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને રાષ્ટ્રીય લોક દળની પ્રથમ જાહેરસભામાં બસપા સુપ્રીમો માયાવતીએ પશ્ચિમ ઉત્તર પ્રદેશના મુસલમાનોને અપીલ કરી કે કોંગ્રેસના ચક્વ્યૂહમાં ના આવે અને ભાજપને પછાડવા માટે ગઠબંધનના ઉમેદવારોને મત આપે. બસપા સુપ્રીમોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા. માયાવતીએ જણાવ્યું કે મહાગઠબંધનની મહારેલીમાં ઉમટેલી ભીડ અંગે જ્યારે વડાપ્રધાન મોદીને માહિતી મળશે ત્યારે તેઓ ગભરાયને પાગલ થઈ જશે અને 'સરાબ-સરાબ' કરવા લાગશે.

બસપા નેતાએ જણાવ્યું કે જો ચૂંટણી અથવા ઈવીએમમાં ગરબડ ના કરવામાં આવે તો ગઠબંધનની જીત થશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, 'ભાજપના નાના-નાના ચોકીદાર કંઈ પણ કરી કરી લે તેઓ કંઈ જ કરી શકશે નહીં. મોદીએ અચ્છે દિનનો વાયદો કરીને લોકોને ગુમરાહ કર્યા અને સરકારી ખજાનો લૂંટાવી દીધો. કોઈપણ તૈયારી વગર નોટબંધી કરી અને જીએસટી લાગુ કરવાથી બેરોજગારીને પ્રોત્સાહન મળ્યું. ભાજપના શાસનમાં અનામત વ્યવસ્થા નબળી પડી છે. ભાજપ ઉદ્યોગપતિઓને વધુ ધનવાન બનાવવામાં લાગ્યો છે. મહાગઠબંધન આવી રહ્યું છે, ભાજપ જાશે.'

મોદી સરકાર સીબીઆઈનો દુરુપયોગ કરતી હોવાનો આક્ષેપ કરતા માયાવતીએ જણાવ્યું કે, 'મોદી સરકાર સીબીઆઈ અને ઈડીનો દુરુપયોગ કરીને વિરોધીઓને નબળા પાડે છે.





દેડિયાપાડા પોલીસ સ્ટેશનના લોકઅપમાં મારામારી કરનાર બાપ દીકરાને કોર્ટે એક વર્ષની સજા ફટકારતા ફફડાટ



એક ચેપટર કેશમાં લોકઅપ માં મુકેલા બાપ દીકરા એ લોકઅપ માં રહેલા અન્ય એક વ્યક્તિની પીટાઈ કરી બે દાંત પાડી નાખતા ફરિયાદ બાદ કોર્ટે બાપ દીકરાને સજા ફટકારી

રાજપીપળા : નર્મદા જિલ્લાના દેડિયાપાડા પોલીસ સ્ટેશનના લોકઅપમાં ચેપટર કેશમાં મુકેલા બાપ દીકરા એ એકની પીટાઈ કરતા આ બાબતે ઈજાગ્રસ્ત વ્યક્તિએ ફિયાદ કરા કોર્ટે બન્ને ને સજા ફટકારી હતી .

પ્રાપ્ત માહિતી અનુસાર દેડિયાપાડા પો.સ્ટે.ના લોક અપમાં એક ચેપટર કેશમાં આવેલા બે આરોપીઓ પૈકી (૧) જેઠાભાઈ નાયકાભાઈ વસાવા તથા તેનો પુત્ર (૨) જયંતિ જેઠાભાઈ વસાવા એ ગત તા. ૨૪/૪/૨૦૦૯ ના રોજ દેડીયાપાડા પો.સ્ટે.ના લોકઅપમાં મુકવામાં આવેલા ત્યાં લોકઅપ માં અન્ય એક વ્યક્તિ ગુમાનભાઈ વસાવાને તેમણે જણાવેલ કે તું કેમ જંગલની જમીન ખેડવા માંગે છે તેવુ કહી બિભત્સ ગાળો બોલતાં હોઈ જેથી ગાળો બોલવાની ના પાડતાં બાપ દીકરા એ ઉશ્કેરાઈ જઈ ગુમાનને મોઢાના ભાગે મુઢ માર મારતાં ગુમાન ઓલીયાભાઈ વસાવાનાં બે દાંત પાડી દેતા ઈ.પી.કો. કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૧૧૪ મુજબ તેમની સામે ક્રિમીનલ કેસ નોંધયો હતો ત્યારે આ કેસ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ નગીનભાઈ તડવીની દલીલો માન્ય રાખી (૧) જેઠા નાયકાભાઈ વસાવા (૨) જયંતિ જેઠાભાઈ વસાવા બંને રહે.ચુલીગામ,તા. ડેડીયાપાડાને ક્રિ. પ્રો.કોડની કલમ ૨૪૮ (૨) અન્વયે ઈ.પી.કો. કલમ ૩૨૫, ૩૨૩ અને ૧૧૪ મુજબના ગુના સબબ એડીશનલ ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ, ડેડીયાપાડાએ તકસીરવાર ઠરાવી ઈ.પી.કો. કલમ ૩૨૫ ના ગુના માટે ૧ વર્ષની સાદી કેદ અને રૂ.૨૫૦૦/- નો દંડ ફટકારી જેલ ભેગા કર્યા હતા.

ભુજ એસ.ઓ.જી.એ કમાગુનાની સીમમાંથી ગેરકાયદેસર રીતે હથિયાર રાખનાર ઈસમને પકડી પાડયો



બનાવટની બંદુક સાથે મળી આવતાં જેના વિરૂધ્ધમાં આર્મ્સ એકટની કલમ ૨૫ (૧-બી) એ તથા જી.પી. એકટ ૧૩૫ મુજબની ફરીયાદ માનકુવા પો.સ્ટે.માં દાખલ કરાવવા તજવીજ કરેલ છે.જેની આગળની તપાસ માનકુવા પો.સ્ટે. ચલાવી રહી છે. આ કામગીરી માં એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. વિજયસિંહ યાદવ,મદનસિંહ જાડેજા, રજાકભાઈ સોતા,ધર્મેન્દ્રસિંહ ગોહિલ જોડાયેલ હતા.

ભુજઃ પશ્ચિમ કચ્છ જીલ્લા પોલીસ અધિક્ષક સૈરભ તોલંબિયાએ આગામી લોકસભાની ચુંટણી અનુલક્ષીને આર્મ્સ એકટનાં કેસો શોધી કાઢવા માટે એસ.ઓ.જી.ને સુચના આપેલ હતી. જે અન્વયે એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પીઆઈ એન.એમ. ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.નાં પીએસઆઈ આર.જે.જાડેજા તથા સ્ટાફનાં માણસો તા.૦૬/૦૪/૧૯ નાં રોજ ભુજ તાલુકા વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા,તે દરમ્યાન સાથેનાં પો.હેડ કોન્સ. મદનસિંહ જાડેજાને ખાનગીરાહે બાતમી મળેલ કે , કમાગુના ગામની ઉત્તરાદી સીમમાં,વારાલ ડુંગર પાસે એક ઈસમ હાથમાં એક બંદુક લઈને ફરે છે જે સ્થળે જઈ જોતાં રમજુ ઉર્ફે ધલુ હુશેન ત્રાયા, (ઉવ.૩૪, રહે.કમાગુના,તા.ભુજ) વાળો ગેરકાયદેસર દેશી

દિલ્હી, મધ્યપ્રદેશ અને ગોવાના ૫૦ ઠેકાણાં પર એક સાથે દરોડાની કાર્યવાહી

મ.પ્રદેશ મુખ્યમંત્રીના અંગત સચિવના ઘર સહિત ૫૦ ઠેકાણે આઈટીના દરોડા

અડધી રાત્રે ત્રાટક્યું આઈટી,બેગો ભરેલો રૂપિયાના બંડલો મળ્યા,નવ કરોડ જપ્ત કર્યાની માહિતી

ઈન્દૌર

આવકવેરા વિભાગે રવિવારે મધ્યપ્રદેશ, દિલ્હી અને ગોવાના ૫૦ ઠેકાણાંઓ પર દરોડા પાડ્યા. આ કાર્યવાહીમાં આવકવેરા વિભાગના ૫૦૦ અધિકારીઓ સામેલ છે. આ દરમિયાન મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથના પૂર્વ અંગત સચિવ પ્રવીણ કક્કડ, ભાણેજ રાતુલ પુરી, પૂર્વ સલાહકાર આરકે મિગલાની અને પ્રતીક જોશીના ઘરે તપાસ કરવામાં આવી. ભોપાલમાં પ્રતીક જોશીના ઘરેથી મોટી સંખ્યામાં રોકડ રકમ મળી હતી. અત્યાર સુધીમાં લગભગ ૯ કરોડ રૂપિયા મળવાની વાત સામે આવી છે.

મળતી માહિતી મુજબ દરોડા માટે આવકવેરા વિભાગની ટીમ દિલ્હીથી આવી છે. અધિકારીઓએ શનિવારે રાત્રે ૩ વાગ્યે બંને ઠેકાણાં પર કાર્યવાહી શરૂ કરી. જેમાં રાતુલ પુરી, અમિતા ગ્રુપ, મોજર બિયર સામેલ છે.

દિલ્હીથી આવેલાં આવકવેરા વિભાગના ૧૫ અધિકારીઓની ટીમ ઈન્દોરમાં સ્કીમ નંબર ૭૪ સ્થિત કક્કડના નિવાસસ્થાને પહોંચ્યા હતા. જ્યાં વિજયનગર સ્થિત શોરૂમ, બીએમસી હાઈટ્સ સ્થિત ઓફિસ, શાલીમાર ટાઉનશિપ અને જલસા ગાર્ડન, ભોપાલ સ્થિત ઘર શ્યામલા હિલ્સ, પ્લેટિનમ પ્લાઝા કોલોની સહિત અન્ય સ્થળો પર પણ તપાસ કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, પ્રવીણ કક્કડ કોંગ્રેસના નિકટતમ માનવામાં આવે છે. એમપી વિધાનસભા ચૂંટણી દરમિયાન તેઓ કોંગ્રેસના વોર રૂમના પ્રભારી હતા. તેમેન પોલીસ સેવામાં રહેતા પ્રશંસારૂપ સેવાઓ માટે રાષ્ટ્રપતિ મેડલથી સન્માનિત કરવામાં આવી ચૂક્યા છે. તેઓ ૨૦૦૪થી ૨૦૧૧ સુધી કેન્દ્રીય મંત્રી રહી ચૂકેલી કાંતિલાલ ભૂરિયાના વિશેષ અધિકારી પણ રહી ચૂક્યા છે.

પ્લાસ્ટિકની ડિસ્પોઝેબલ ચીજો પર ૧ મેથી પ્રતિબંધની શક્યતા

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા ગત તા.૫ જૂન ૨૦૧૮ના વિશ્વ પર્યાવરણ દિવસે ૫૦ માઈક્રોનથી પાતળાં પ્લાસ્ટિકનાં વેચાણ, વપરાશ અને ઉત્પાદન પર પ્રતિબંધ મુકાયો હતો. જેના કારણે એક સમયે શહેરની ગલીએ ગલીએ આવેલાં પાન પાર્લર, ડેરી, એસટી સ્ટેશન અને એએમટીએસ બસ સ્ટેશનની આસપાસ જેવાં સ્થળોએ દરરોજ હજારોની સંખ્યામાં વેચાતાં પ્લાસ્ટિકનાં પાણીનાં પાઉચ સદંતર અદૃશ્ય થઈ ગયાં છે. પ્લાસ્ટિકના ચાના કપ, ઝભલાં થેલી અને પાન-મસાલાના રેપર પર પણ પ્રતિબંધ મુકાયો હોવા છતાં છેલ્લા કેટલાક મહિનાથી તંત્ર દ્વારા આંખ આડા કાન કરાતાં તેનો ધૂમ વપરાશ થઈ રહ્યો છે. પરંતુ હવે આ મામલે સત્તાવાળાઓ કુંભકર્ણની નિદ્રામાંથી જાગ્યા હોઈ પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે ઝુંબેશ શરૂ કરાઈ છે.

પ્રતિબંધિત પ્લાસ્ટિકના મામલે મ્યુનિસિપલ સત્તાવાળાઓએ 'આરંભે શૂરા' ની જેમ શહેરભરમાં વ્યાપક અભિયાન શરૂ કરીને એક જ મહિનામાં ૧૦,૦૦૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરીને આ મામલે રૂ.૯૦ લાખની પેનલ્ટી વસૂલી હતી. પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ સામે મુકાયેલા પ્રતિબંધથી શહેરભરમાં પ્લાસ્ટિકના ઉત્પાદકો, સંગ્રાહકો અને ઉપયોગકર્તાઓએ ભારે હોબાળો મચાવ્યો હતો. એટલે. સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવાથી ફરીથી હોબાળો થાય તેવી પૂરેપૂરી શકયતા દર્શાવતાં ટોચનાં સૂત્રો કહે છે કે અત્યારે તો તંત્ર દ્વારા ખાસ રણનીતિ ઘડાઈ રહી છે. જેના કારણે આગામી તા.૧ મેથી સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મુકાય તો પણ તેનો વ્યાપક વિરોધ ન થાય.

રાણપુર ખાતે નગીના મસ્જિદનુ સંગે બુનિયાદ કાર્યક્રમ યોજાયો



બોટાદ જીલ્લાના રાણપુરમાં સુફી સંત દાદાબાપુ કાદરી ફાતમીના હસ્તે ગામની મધ્યે મોટાપીરના ચોક માં આવેલ નગીના મસ્જિદ નુ સંગે બુનીયાદ કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમ ભાદર કઠીયા સુન્ની મુસ્લીમ ઘાંચી સમાજ તેમજ નગીના મસ્જિદ બાંધકામ સમિતિ દ્વારા સંગે બુનીયાદ કાર્યક્રમ યોજાયો જેમાં મોટી સંખ્યામાં મુસ્લીમ સમાજ ના લોકો હાજર રહ્યા હતા.

શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા કેન્દ્રોની ૩૫૦ જેટલી સીડીની ફરીથી ચકાસણી

અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાયેલી ધો.૧૦-૧૨ની બોર્ડ પરીક્ષામાં રેકોર્ડ કરવામાં આવેલા સીસીટીવી ફૂટેજની સીડીને જોવાની ચકાસણી શરૂ કરી દેવામાં આવી છે. કેટલીક સીડીઓ ખૂલી જ નથી તેવી ડિફેક્ટિવ સીડી રજૂ કરવા માટે જે તે શાળાઓને નોટિસ પણ આપી દેવામાં આવી છે.

તાજેતરમાં શરૂ થયેલી સીડી જોવાની કાર્યવાહીમાં અત્યાર સુધીમાં ૪૫૦૦થી જેટલી સીડીની ચકાસણી કરાઈ હતી. સીસીટીવી ફૂટેજની સીડીની ચકાસણી કરતાં શિક્ષકો અને ડીઈઓ કચેરીના કર્મચારીઓ ટીમને ૩૫૦ જેટલી સીડીમાં ગેરરીતિની આશંકા જતા ફરી ચકાસણી હાથ ધરાઈ છે. અમદાવાદ શહેર-જિલ્લાનાં કેન્દ્રો પર યોજાયેલી પરીક્ષાના સીસીટીવીના ફૂટેજને ચેક કરવાની કાર્યવાહી માટે ડીઈઓ કચેરી દ્વારા બનાવામાં આવેલી ટીમ દ્વારા ૫૦ થી વધુ શિક્ષકોને કામગીરી સોંપવામાં આવી છે.

બોર્ડ પરીક્ષાઓમાં સુપવાઈઝર દ્વારા કોપી કેસ કરવામાં આવતા હોય છે. જોકે ઘણી વખત કોઈ વિદ્યાર્થી કોપી કરતો હોય તો તે ખબર પડતી નથી. બોર્ડ દ્વારા પરીક્ષાના દરેક બ્લોકમાં સીસીટીવી મૂકવામાં આવ્યા છે. જેની ચકાસણી દર વર્ષે કરવામાં આવતી હોય છે. ચાલુ વર્ષની પરીક્ષાઓના સીસીટીવીના ફૂટેજની ચકાસણી કરવાની કાર્યવાહી માર્ચથી જ શરૂ કરાઈ છે. ધોરણ ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષાઓમાં શહેર-જિલ્લાની સ્કૂલોના બ્લોક સીસીટીવીની નજર હેઠળ હતા.અંદાજે ૪૫૦૦થી વધુ જેટલી ડીવીડીઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ખાતે સીસીટીવી ચકાસણી કરવા માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ એકદમ અયોગ્ય છે: મુફ્તિ

સુરક્ષાદળો માટે હાઈ-વે બંધ કરવાના મુદ્દે પીડીપી-એનસીનો વિરોધ

શ્રીનગર

જમ્મુ કાશ્મીરમાં સુરક્ષાદળોની મુવમેન્ટ માટે જમ્મુ-શ્રીનગર હાઈવે બંધ કરવાના નિર્ણયનો રાજ્યમાં વિરોધ થઈ રહ્યો છે. રવિવારે નેશનલ કોન્ફરન્સ અને પીપલ્સ ડેમોક્રેટીક પાર્ટી સહિત અન્ય નેતાઓએ આ નિર્ણય વિરૂદ્ધ પ્રદર્શનો કર્યા. નેશનલ કોન્ફરન્સના ફારૂક અબ્દુલ્લાએ હાઈવેને કાશ્મીરીઓની લાઈફલાઈન ગણાવી છે. તો પૂર્વ મુખ્યમંત્રી અને પીડીપી નેતા મહબૂબા મુફ્તીએ લોકોને નિર્ણય ન માનવાની અપીલ કરી છે. સરકારે આદેશ આપ્યો છે કે બારામૂલાથી ઉધમપુર જતાં નેશનલ હાઈવે પર ૩૧ મે સુધી સપ્તાહમાં બે દિવસ સિવિલિયન માટે વાહન વ્યવહાર બંધ રહેશે. એક અધિકારીના જણાવ્યા મુજબ ચૂંટણીને ધ્યાનમાં રાખીને સુરક્ષાદળોને એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલવામાં આવશે. જવાનોની સુરક્ષાને ધ્યાનમાં રાખતા આ પ્રકારનો નિર્ણય લેવાયો છે. નોટિફિકેશનમાં તેમ પણ કહેવાયું છે કે શ્રીનગર, કાઝીગુંડ, જવાહર સુરંગ, બનિહાલ અને રામબન થઈને પસાર થતાં હાઈવે પર સવારે ૪ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી સિવિલિયન્સ પ્રવેશ નહીં કરી શકે. મહબૂબા મુફ્તીએ કહ્યું, "આ એકદમ અયોગ્ય છે. આ નિર્ણયથી વિદ્યાર્થી- વિદ્યાર્થિનીઓને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડશે. હું લોકોને અપીલ કરું છું કે તેઓ આ હાઈવે બંધ કરવાના નિર્ણયને ન માને. હું આ નિર્ણય વિરૂદ્ધ કોર્ટમાં જઈશ."

મ્યુનિસીપલ સ્કૂલવાન,સ્કૂલ રિક્ષા માટે ૩૨ નિયમો જાહેર કર્યા

રિક્ષાની સ્પીડ ૨૦ કિમી પ્રતિ કલાક કરતાં વધારે હશે તો લાઈસન્સ રદ કરાશે

અમદાવાદ

મ્યુનિસીપલ સ્કૂલ વાન, સ્કૂલ રિક્ષા માટે નવા ૩૨ નિયમો જાહેર કરવામાં આવ્યાં છે જો કોઈપણ ચાલક આ નિયમોને નહીં પાળે તો તેનું લાઈસન્સ પણ રદ થઈ શકે છે. સ્કૂલ વાનમાં બાળકોની સ્કૂલ બેગ કોઈપણ સંજોગોમાં બહાર લટકવી ન જોઈએ.

જો ૩.૫ કિલોમીટર સુધીમાં ઉચ્ચતર પ્રાથમિક શાળા અને ૧.૫ કિલોમીટરમાં એક પણ પ્રાથમિક શાળા ન હોય ત્યાંના બાળકો માટે સરકારી સ્કૂલે જવા આવવા માટે ટ્રાન્સપોર્ટેશન મફત છે. બાળકોને આ સુવિધા શાળા શરૂ થવાનાં પહેલા દિવસથી જ મળે તે માટે પ્રવેશોત્સવમાં જ આની તકેદારી રાખવામાં આવે છે. આ વાહનો માટે નિયમોનું પાલન કરવું ફરજિયાત રહેશે.

આ ઉપરાંત પણ ઘણાં મહત્વનાં નિયમો બનાવવામાં આવ્યાં છે જેવા કે સ્કૂલ વાનની સ્પીડ ૨૦ કિમી પ્રતિ કલાક કરતાં વધારે ન હોવી જોઈએ. વાહનના ડ્રાઈવરનું ફિટનેસ સર્ટિફિકેટ, પરમિટ દર મહિને ચેક થશે, વાહનમાં અગ્નિશામક સાધનો રાખવા, મ્યુઝિક સિસ્ટમ રાખવી નહી. સીટ સાદી રાખવી, તો ડ્રાઈવરની સીટ પર બાળકને બેસાડી શકાશે નહીં. વાહનનો ફૂલ વીમો હોવો જોઈએ, આ સહિત પોલીસ વેરિફિકેશન હોવું જરુરી છે. આ સિવાયના નિયમો પણ છે, જેને તોડનાર સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

મહત્વનું છે કે થોડા સમય પહેલા શહેરમાં સ્કૂલવર્ધી વાન અને સ્કૂલ બસમાં નિયમ કરતાં વધુ બાળકો બેસાડવાના મુદ્દે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી થઈ હતી. તેના પગલે કોર્ટના કડક વલણથી ટ્રાફિક પોલીસ તથા આરટીઓ દ્વારા નિયમના અમલીકરણ માટે સરકારે ફરજિયાત ડ્રાઈવ કરવાનો આદેશ કર્યો હતો.

પતિએ અખબારમાં જાહેરખબર આપીને પત્નીને આપ્યા ત્રણ તલાક

ચુરુ

વોટ્સએપ કે મોબાઈલ ફોન પર છુટાછેડા આપવાના કિસ્સા તો અગાઉ બની ચુક્યા છે પણ રાજસ્થાનમાં એક દંપતિ વચ્ચે થયેલા વિખવાદ બાદ પતિએ પત્નીને છૂટાછેડા આપવા માટે હેરાન કરી નાંખતો રસ્તો અપનાવ્યો હતો. રાજસ્થાનના ચુરુ જિલ્લામાં પતિએ ૨ જાન્યુઆરીએ એક અખબારમાં જાહેરાત પ્રકાશિત કરાવી હતી.જેમાં ત્રણ વખત તલાક શબ્દ લખવામાં આવ્યો હતો.જેમાં એવુ પણ લખ્યુ હતુ કે, આ તલાક ૨ એપ્રિલથી અમલમાં આવશે. પતિએ જાહેરાતમાં પાછુ કહ્યુ હતુકે, ૫ જાન્યુઆરીએ તલાક માટે નોટિસ આપેલી છે પણ નોટિસ લેવાનો તેણે ઈનકાર કર્યો હોવાથી તલાકની જાણકારી સાર્વજનિક કરવામાં આવે છે. પીડિતાએ જોકે તેને દહેજ સાથે જોડાયેલો મામલો બતાવ્યો છે.તેનુ કહેવુ છે કે, દહેજમાં કાર નહી મળવાથી પતિએ આવુ પગલુ ભર્યુ છે.પતિ સામે પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધાવી છે.

ભારતથી ગભરાયેલા પાક.વિદેશમંત્રીનું ચોંકાવનારુ નિવેદન

ભારતીય સેના એપ્રિલ મહિનામાં પાકિસ્તાન પર હુમલો કરવાની ફિરાકમાં

ઈસ્લામાબાદ

પુલવામા હુમલાનો બદલો લેવા માટે ભારતે કરેલી બાલાકોટ એર સ્ટ્રાઈક બાદ પાકિસ્તાનની ગભરામણ હજી દુર થતી નથી. ભારતની સૈન્ય કાર્યવાહી કરશે તેવી ચિંતાથી પાકિસ્તાનની સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે.પાકિસ્તાને ભારત સામે દુષ્પ્રચાર શરુ કરી દીધો છે.વિદેશમંત્રી શાહ મહેમૂદ કુરૈશીએ હાસ્યાસ્પદ અને મનગઢંત દાવો કરતા કહ્યુ હતુ કે, ભારતની સેના એપ્રિલ મહિનાના ત્રીજા સપ્તાહમાં પાકિસ્તાન પર હુમલો કરવાની યોજના બનાવી રહી છે. મુલતાનમાં પત્રકારોને સંબોધતા કુરૈશીએ કહ્યુ હતુ કે, પાકિસ્તાન સરકાર પાસે વિશ્વાસપાત્ર માહિતી છે કે, ભારત પાકિસ્તાન સામે સૈન્ય કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યુ છે.આ કાર્યવાહી ૧૬ થી ૨૦ એપ્રિલની વચ્ચે થશે.આ બાબતની જાણકારી અમે પહેલા જ સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદના પાંચ કાયમી સભ્ય દેશોને આપી ચુક્યા છે.

શું પાર્ટનરને ડાયાબિટીઝ હોય તો એનાથી પણ શીઘ્રસ્ખલન થાય?

સવાલ : પ્રથમ લગ્નમાંથી છૂટો પડી ચૂક્યો છું અને હવે નવા સંબંધની શરૂઆત કરી છે. હજી બીજાં લગ્ન નથી માંડ્યા પણ અમે ફિઝિકલી નિકટ આવી ગયેલા છીએ. તેનો પતિ ગુજરી ગયો હતો અને તે મારાથી અમુક વર્ષો મોટી પણ છે. તે વિધવા હોવાને કારણે જ મારા પરિવારજનો આ લગ્ન માટે તૈયાર નથી. એટલે અમે છૂપા સંબંધો રાખવા મજબૂર છીએ. મારી સમસ્યા એ છે કે છેલ્લા કેટલાક વખતથી મને શીઘ્રસ્ખલન થઈ જાય છે. જ્યારથી નવા સંબંધમાં જોડાયો છું એ પછી જ સમસ્યા શરૂ થઈ છે. તમે કહેતા હો છો કે ડાયાબિટીઝ હોય તો ઇન્દ્રિય ઉત્થાનમાં અને સ્ખલનમાં ગરબડ થાય છે. જોકે મારું શુગર લેવલ બરાબર છે, પણ મારી પાર્ટનરને ડાયાબિટીઝની તકલીફ છે. તે નિયમિત દવા લે છે, જેથી શુગર ન વધે. શું પાર્ટનરને ડાયાબિટીઝ હોય તો એનાથી પણ શીઘ્રસ્ખલન થાય? મને ક્યારેક-ક્યારેક હાઈ બ્લડ-પ્રેશરની તકલીફ થાય છે, પણ એને માટે જ્યારે જરૂર પડે ત્યારે જ દવા લઉં છું.

જવાબ : તમે બરાબર સાંભળ્યું છે કે ડાયાબિટીઝ અને હાઈ બ્લડપ્રેશરની તકલીફ હોય તો તે વ્યક્તિને સેક્સ્યુઅલ ઈન્ટરકૉર્સ દરમ્યાન લાંબા ગાળે તકલીફો થવાની શક્યતાઓ વધારે છે. એનો મતલબ કે તમને ડાયાબિટીઝ હોય તો એનાથી તમને ઉત્થાનમાં સમસ્યા આવી શકે. જોકે ડાયાબિટીઝ એ કોઈ ચેપી રોગ નથી કે એની આડઅસરો બીજી વ્યક્તિને થાય. તમારી પાર્ટનરના ડાયાબિટીઝને કારણે અથવા તો તેની મોટી ઉંમરને કારણે તમને આ સમસ્યા થઈ રહી છે એવું જરાય નથી.

તમને હાઈ બ્લડપ્રેશરની તકલીફ છે એને પહેલાં કન્ટ્રોલમાં લેવાની જરૂર છે. એનાથી લાંબા ગાળે સેક્સલાઈફ પર અસર થાય છે. માત્ર દવા જ નહીં, રેગ્યુલર કસરત અને ડાયટ કન્ટ્રોલથી પહેલાં બ્લડપ્રેશર કન્ટ્રોલમાં લાવો.

બીજું, વ્યક્તિ જ્યારે કોઈક ચીજ છુપાવીને કરવાની કોશિશ કરતી હોય ત્યારે મનમાં હીનભાવના અથવા તો હું કંઈક ખોટું કરું છું એવો ડર સતાવ્યા કરે છે. આ માનસિક સંતાપની સીધી અસર સેક્સ્યુઅલ પર્ફોમન્સ પર પડે છે. મને લાગે છે કે તમારી આ તકલીફનું મૂળ શારીરિક નહીં માનસિક છે. માટે સંબંધો બાબતે સ્પષ્ટ થશો તો કૉમ્પ્લીકેશન્સ ઘટશે અને આનંદ વધશે.

લગ્ન એટલે સાત જનમનો સંબંધ કહેવાય, પણ મારો પતિ મારી નાખવાની ધમકી આપે છે

સવાલ : મારો વર મને ઘરમાં રાખવા નથી માગતો. તે મને ધમકી આપે છે કે મારે પહેરેલા કપડે ઘરમાંથી નીકળી જવું. જ્યારે તેને શારીરિક સુખ જોઈતું હોય છે ત્યારે ઢીલો થઈને આવે છે અને શેરડીનો રસ ચૂસી લીધા પછી કૂચો ફેંકી દઈએ એમ ધુત્કારે છે. આવા બેવડા વલણનું શું કરવું? મને કહેશો કે પતિ જ પત્નીને ઘરમાં રાખવા ન ઇચ્છતો હોય અને વારંવાર મારપીટ કરતો હોય તો પત્નીએ શું કરવું જોઈએ? હિન્દુ ધર્મમાં તો લગ્ન એટલે સાત જન્મનો સંબંધ કહેવાય, પણ એ તો બેઉ માને તો જ સંબંધ ટકેને? મા-બાપ રૂઢિચુસ્ત વિચારસરણી ધરાવે છે એટલે તેમને વાત કરીશ તોય પતિનું ઘર છોડીને ન અવાય એવું જ કહેશે. ક્યારેક તો ધમકી આપે છે કે જો જાતે પિયર નહીં જતી રહે તો ક્યારેક મારી નાખીશ. પરણેલી સ્ત્રીની હાલત શું? મા-બાપને કહેવાની હિંમત નથી ચાલતી કેમ કે ત્યાં આશરો મળે એમ નથી.

જવાબ : પતિ તરફથી તમને ધુત્કાર અને અપમાન જ મળી રહ્યાં છે, પણ તમે તેનો કોઈ સામો જવાબ નથી આપતાં. તમારાં મા-બાપને પણ તમે કંઈ જ કહેતાં નથી. તમારે સંતાનો છે? ઘરમાં બીજું કોઈ છે કે જેની સાથે વાતચીત થઈ શકે એ પણ નથી જણાવ્યું. લગ્નજીવનમાં શું તકલીફ છે જેને કારણે પતિ સાથે નથી ફાવતું એના કારણ વિશે પણ કોઈ જ ચોખવટ નથી કરી. ઘણીબધી માહિતીના અભાવે અત્યારે હું તમને જે કહીશ એ જનરાલાઇઝ્ડ જ હશે. સૌથી પહેલાં તો લગ્ન એટલે સાત જનમનો નાતો એ માન્યતા મનમાંથી કાઢો. કળિયુગમાં આજની તારીખે જે સંબંધ છે એને પણ જો તમે પૂરેપૂરા સમર્પિત ન રહી શકતા હો તો સાત જનમની વાતો પ્રૅક્ટિકલ ન બને.

તમે હજીયે આ સંબંધને ટકાવી રાખવા મથો છો એમાં તમારી બહાદુરી નહીં, પણ તમારું અબળાપણું છે. સહજીવન ટકાવી રાખવા માટે બન્ને પાત્રોએ સભાન પ્રયત્નો કરવા પડે છે. જ્યારે કોઈ એક પાત્ર એ સંબંધમાંથી નીકળવાનું મન બનાવી લે છે એ પછીથી તેને સંબંધમાં બાંધી રાખવાનો પ્રયત્ન ભલે સામાજિક દૃષ્ટિએ સરાહનીય હોય, પણ લગ્નસંબંધમાં જોડાયેલી બન્ને વ્યક્તિઓ માટે બહુ દુખદાયી હોય છે. જો તમને ઘરમાં પતિ દ્વારા કોઈ પણ પ્રકારનું જીવનું જોખમ જણાતું હોય તો તમારે સાત જનમોની સુફિયાણી વાતોને તિલાંજલિ આપીને સલામતી માટે સાવધ થઈ જવું જરૂરી છે. વાત જ્યારે સમજાવટથી થાય એમ ન હોય ત્યારે સૌથી પહેલાં જીવ સુરક્ષિત કરવો જોઈએ. કદાચ સમાજના ડરે મા-બાપ તમને કાયમી ધોરણે છૂટાં પડવા દેવા તૈયાર નહીં હોય, પણ જો તમે તેમને સાસરિયાંના ત્રાસની સાચી હકીકતો જણાવશો તો જરૂર તેઓ તમને સાથ આપશે. પતિના ત્રાસ માટે પોલીસમાં ફરિયાદ કરીને પછી તમારે પિયર જવું જોઈએ. ત્યાં કદાચ માબાપ તમને બે કડવાં વેણ કહેશે, પણ ત્યાં તમારા જીવને ખતરો નથી.

બીજું, સ્ત્રીઓ જ્યાં સુધી કોઈ મને રાખે, કોઈ મને નિભાવે એવી માનસિકતા રાખશે ત્યાં સુધી તેઓ ઓશિયાળી, બિચારી-બાપડી રહે છે. એટલે તમારે પિયર આવ્યા પછી તમારું 'અબળાપણું' છોડવું જ પડશે. કોઈ તમને સાચવે, કોઈ તમારા માટે કમાય, કોઈ તમારા વતી નિર્ણયો લે એ પરાવલંબનો છોડીને આત્મનિર્ભર બનવું જરૂરી છે. જે કામ આવડતું હોય એ કરીને અથવા સીવણ, ગૂંથણ, પાર્લર કે એવી કોઈ પણ સ્કિલ શીખીને પોતાનું ગુજરાન ચલાવતાં શીખી જાઓ. આપમેળે તમારામાં પણ આત્મવિશ્વાસનો સંચાર થશે અને ધીમે-ધીમે જીવનની દિશા પણ આપમેળે ખૂલશે.

ડિવોર્સી યુવક સાથે લગ્ન થવાના હતા પણ અચાનક તેનું મૃત્યુ થયું શું કરવું?

સવાલ : હું સિંગલ વર્કિંગ વુમન છું વગર લગ્ને વિધવા થઈ ગઈ છું એમ કહેવાય. યંગ એજમાં મને કરીઅર સિવાય કશુંજ દેખાતું નહોતું સમયસર લગ્ન ન કર્યા એ માટે પેરન્ટ્સે મને બહુ સંભળાવેલું પણ હવે એ મુદ્દો નથી કેમ કે હવે બેમાંથી એકેય હયાત નથી. કરીઅર શરૂ કર્યા પછી એક ડિવોર્સી યુવક સાથે મન મળી ગયેલું. તેની સાથે જીવન જીવવાનાં મેં સપનાં જોયેલાં. વયભેદ હોવા છતાં અમારી વચ્ચે બહુ સારી ફ્રેન્ડશિપ અને અન્ડરસ્ટૅન્ડિંગ હતી. અમે નક્કી કરેલું કે આવતા વર્ષે નવું ઘર ખરીદીને અમે પરણી જઈશું ત્રીસ વર્ષ પછી જે પ્રેમ થાય એ રોઝી-રોઝી નથી હોતો, પરંતુ એમાં ઠરેલપણું અને એકમેકની હાજરીમાં ઍટ ઈઝ હોવાની ફીલિંગ મહત્વની હોય છે. ચાર મહિના પહેલાં મારા જીવનમાંથી આ ફીલિંગ પણ છીનવાઈ ગઈ. તેની બાઇકનો ઍક્સિડન્ટ થયેલો અને એક મહિનો જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઈને તે જતો રહ્યો. અત્યારે મારી ઉંમર ૩૪ વર્ષ છે અને ભાઈ-ભાભી સાથે રહું છું. કમાઉં છું અને પગભર છું પરંતુ આ પરિસ્થિતિ સહન થઈ શકે એવી નથી. જ્યાં સુધી મેં કોઈકની સાથે જીવન જોવાનાં સપનાં ન હોતાં જોયાં ત્યાં સુધીની વાત અલગ હતી, પણ સપનાં જોયાં પછી જિંદગી સુખ છીનવી લે એ બહુ આકરું લાગે છે. હવે મારે ફરીથી કોઈના સાથની અપેક્ષા જ નથી રાખવી. ભાઈઓના સુખી અને હર્યાભર્યા પરિવારને જોઈને થાય છે કે કદાચ મારો પર આવો પરિવાર હોત. આવા વિચારોમાં ગોટે ચડવાનો કોઈ અર્થ નથી. જિંદગીને પાટે ચડાવવી જ પડશે, પણ કેવી રીતે?

જવાબ : સ્ત્રી હોય કે પુરુષ બન્ને માટે પહેલેથી જ એકલા રહેવું મુશ્કેલ નથી, પણ કોઈના સાથની આદત પડી જાય એ પછી સંજોગોને કારણે જુદાં થવું પડે એ બહુ કપરું હોય છે. પત્ર પરથી તમે સ્વતંત્ર મિજાજનાં, આત્મનિર્ભર અને મક્કમ વિચારધારાવાળાં લાગો છો. ઉંમર મુજબની પાકટતા પણ તમારામાં છે અને તમે પોતે સમજી શકો છો કે જીવનની ગાડીને પાટે ચડાવવી જરૂરી છે એ પણ બહુ સારી નિશાની છે.

જ્યારે પણ ઇમોશનલી નાજુક સ્થિતિમાં મુકાઈએ ત્યારે સૌથી પહેલાં તો જાત સાથે પ્રામાણિક થવું મસ્ટ છે. તમને ભાઈઓના હર્યાભર્યા પરિવારને જોઈને ઈર્ષા આવે છે એનો મતલબ એ છે કે તમે અંદરથી ઝંખો છો કે તમારો પણ પરિવાર હોય. આ ઇચ્છાને દબાવી દેવાની જરૂર નથી. હવે મને કોઈ જીવનસાથી નહીં જ મળે અથવા તો મારે હવે તો એકલપંડે જ જીવવું છે એવા નિર્ધારો કરી લેવાની જરૂર નથી. બીજી તરફ ઝટપટ કોઈ પણ વ્યક્તિમાં જીવનસાથી શોધીને ઇચ્છા પૂરી કરી નાખવાની ઉતાવળ કરવાની પણ જરૂર નથી. દુખને મનમાં ઘોળ્યા કરવાને બદલે થોડો સમય નૉર્મલ લાઇફ જીવો. નોકરી કરો, સોશ્યલ સર્કલમાં હળવાભળવાનું રાખો. તમારી મનગમતી પ્રવૃત્તિમાં રત રહીને પહેલાં સ્વસ્થ થાઓ. હવે મને કોઈ મળવાનું નથી એ વિચારને ઘેરો બનાવવાની જરૂર નથી. સૌથી પહેલાં તમારે તમારા પોતાના સાથી બનવાનું છે. જાત સાથેની મૈત્રી ગાઢ બનાવશો અને જાતને ખુશી મળે એવી પ્રવૃત્તિઓમાં પળોટેલી રાખો. વિચારોને મનમાં સંઘરી રાખવાને બદલે કોઈ તટસ્થ વિચારધારા ધરાવતી બહેનપણી કે મિત્ર સાથે શૅર કરો. કંઈ ન હોય તો ડાયરીમાં એ ઉતારો. બસ, મનને બાંધી ન રાખો. સમય સાથે એને વહેવા દો. એકલતાને ઘેરી કરવાને બદલે ગમતી પ્રવૃત્તિઓથી જીવનને ભરી દેશો તો સમય આવ્યે જરૂર ફરીથી હાથ પકડનારો મળી જશે.

પત્નીએ સાસુ-સસરા પર મારપીટનો ખોટો આરોપ મૂકેલો અને ફસાવવાની ધમકી આપે છે

સવાલ : મારી ઉંમર ૩૪ વર્ષ છે. તમારી પાસે ઘણી દુખિયારી સ્ત્રીઓના સવાલ આવતાં હશે અને તમે ત્રાસદાયક પતિઓની વાતો સાંભળીને ઉબાઈ જતાં હશો, પણ મારી વાત જરાક જુદી છે અને મને આશા છે કે તમે પુરુષોના ઍન્ગલથી પણ થોડીક વાત સમજશો. મારાં લગ્નને છ વર્ષ થયાં છે અને લગભગ દોઢેક વરસ પહેલાં પત્ની પિયર ચાલી ગઈ છે. તેણે એવી પોલીસ ફરિયાદ કરી છે કે તનાં સાસુ-સસરા તેને ખૂબ મારે છે અને પતિ કંઈ બોલતો નથી. આ વાતમાં જરાય વજૂદ નહોતું. સમાજના કેટલાક વડીલોએ વચ્ચે પડીને સમાધાન કરાવ્યું અને તે પાછી આવી. છેલ્લા છ મહિનાથી તેણે રોજ ઘરમાં ઝઘડા શરૂ કર્યા છે. તેના પિતાને આર્થિક તંગી આવતાં તેણે મારી પાસે એક લાખ રૂપિયા માગેલા. પહેલી વાર માગ્યા ત્યારે મેં તરત વ્યવસ્થા કરીને આપી દીધા. એ પછી તેણે મને ખર્ચ માટે વધુ પૈસા આપવાનું કહ્યું. મને ખબર પડી કે ઘરમાં તો તે કંઈ જ ખર્ચ નથી કરતી. ઘરખર્ચ તો પપ્પા જ કરે છે. આ વાતે મેં તેને પૂછ્યું તો કહે છે, મને સવાલજવાબ કરશો તો પેલી ફરિયાદમાં તમે પણ મારપીટ કરો છો એવું નોંધાવી દઈશ. તે દર મહિને કંઈક ને કંઈક બહાને પિયરિયાંને પૈસા જોઈએ છે એવું કહેતી અને ન આપીએ તો બ્લૅકમેઇલ કરતી. તેની હિંમત ખૂલતી જાય છે અને તે હવે મોટી-મોટી રકમોની ડિમાન્ડ કરે છે. જ્યારે પણ ઝઘડો થાય ત્યારે તે ધમકી આપે અને બહારનું કોઈ એ વખતે આવે એટલે રડીરતડીને સહાનુભૂતિ પોતાની તરફ મેળવી લે. આ જ કારણોસર મારા પેરન્ટ્સ જુદા રહેવા જતા રહ્યા છે, પણ હજીયે પત્ની મને બ્લૅકમેઇલ કરે જ છે. અમારે કોઈ સંતાન નથી અને તે હમણાં બાળક કરવા પણ માગતી નથી. આવી પત્નીના ત્રાસમાંથી નીકળવા માટે શું કરવું એની સલાહ આપો.

જવાબ : ક્યારેક તમારા જેવાની દાસ્તાન સાંભળીએ ત્યારે ચોક્કસપણે લાગે કે આપણા કાયદા વધુ સ્ત્રીતરફી છે. સ્ત્રીઓના પ્રોટેક્શન માટે બનેલા કાયદાઓનો દુરુપયોગ આવી માથાભારે મહિલાઓ કરે છે એને કારણે ખરેખરી પીડિત મહિલાને પણ ન્યાય નથી મળતો. જોકે ભારતમાં માત્ર સ્ત્રીઓનું જ સાંભળવામાં આવે છે એવું નથી. સૌથી પહેલાં તો એક વાત સમજવી જરૂરી છે કે તે તમને બ્લૅકમેઇલ કરીને આખરે કરવા શું માગે છે? શું તેને તમારી પાસેથી માત્ર પૈસા જ જોઈએ છે? શું એ સિવાય તમારા સંબંધમાં કંઈ બાકી નથી? શું તમારી વચ્ચે જીવનસાથીઓ જેવી ઇન્ટિમસી અને લાગણીની કોઈ જોડતી કડી હોય એવું બચ્યું છે? જો હોય તો હજીયે આ સંબંધને સુધારવા માટેના પ્રયત્નો કરવા જોઈએ અને જો ન હોય તો સંબંધ પર પૂર્ણવિરામ લાવવું પડે.

એક વાત સમજો કે તમે અત્યાર સુધી તેનાથી દબાયેલા રહ્યા છો એટલે તેની હિંમત વધુ ખૂલતી ગઈ છે. હવે તમે તેને સરેન્ડર નહીં કરો એટલે તે વધુ અકળાશે અને બમણું જોર લગાવશે. આ પરિસ્થિતિનો ફાયદો લઈને તમારે પત્ની તમને બ્લૅકમેઇલ કરી રહી છે એ વાતના પુરાવાઓ એકઠા કરવાનું શરૂ કરવું જોઈએ. ફૅમિલી કોર્ટના સારા લૉયરને મળો અને છેલ્લા મહિનાઓમાં બનેલી મેજર ઘટનાઓનો તારીખ-વાર ઘટનાક્રમ તેમને જણાવો. અત્યાર સુધીમાં તેણે બ્લૅકમેઇલ કરીને કેટલા રૂપિયા પડાવ્યા છે અને તેના પપ્પાને પહોંચાડ્યા છે એનો પણ હિસાબ રાખો. એક વાર પુરાવાઓ હાથે ચડી જાય એ પછીથી લૉયરની મદદથી આગળની કાર્યવાહી કરવાનું સરળ બની જશે.

લગ્નની શરૂઆતમાં બધી જ અગવડો પ્રેમથી સહી લીધી, પણ પતિ બહુ શંકાશીલ છે

સવાલ : હું ગુજરાતના એક નાના ગામમાં ઉછરી છું. ગામના જ છોકરા સાથે પ્રેમ થયો અને બન્નેના પેરન્ટ્સ માને એમ ન હોવાથી ભાગીને મુંબઈ આવી ગયા. હાલમાં કલ્યાણમાં રહીએ છીએ અને આ વાતને બે વર્ષ થયાં. હવે મારા હસબન્ડ સાથે નાની-નાની વાતે તકલીફો થાય છે. તેઓ મારાથી લગભગ સાત વર્ષ મોટા છે. અહીં આવ્યા પછી ખૂબ આર્થિક તંગીનો સામનો કરવો પડે છે. ગામના ફળિયાવાળા ઘરને બદલે અહીં પતરાની એક ઓરડી છે અને એ પણ ગેરકાનૂની. શરૂઆતમાં તો અમને આ તકલીફો બહુ મોટી ન લાગી, પણ વર્ષો વીતી જવાં છતાં હજીયે આર્થિક ઉકેલ આવતો જ નથી. પહેલાં કરતાં હવે સ્થિતિ સારી છે એમ છતાં હવે જાણે ધીરજ નથી. પહેલાં કડકડતી ઠંડીમાં એક ચટાઈ પર સૂઈ જતાં ને ઓઢવા માત્ર પાતળી ચાદર અને શાલ હોય તોય ચાલતું, પણ હવે પ્રાઇમરી સુવિધાઓ છે એમ છતાં જીવનમાં મજા નથી. હું પણ પાર્લરનું કામ કરીને પૈસા કમાઉં છું અને રૂમ ખરીદીએ નહીં ત્યાં સુધી બાળક નહીં કરીએ એવું નક્કી કરેલું. બે ટંકનો રોટલો રળી લઈ શકીએ એમ છીએ, પણ ઘર લેવાની ત્રેવડ થતી જ નથી. એવામાં હવે પતિનો સ્વભાવ બહુ બગડી ગયો છે. તેને લાગે છે કે બ્યુટીપાર્લરના નામે હું મસાજ-પાર્લર ચલાવું છું. તેને ક્યારેક શંકા થાય છે તો ક્યારેક તે મને વધુ ખર્ચ કરી નાખવા બદલ વગરકારણે ખખડાવે છે. પૈસા બચાવવાની વાતે અમે બન્ને ગંભીર છીએ, પણ હવે તેને પૈસા બાબતે મારી પર ભરોસો નથી રહ્યો. બેમાંથી એકેય પરિવારનો સપોર્ટ ન હોવાથી બહુ મૂંઝારો થાય છે.

જવાબ : તમે પરિવારની મરજીથી લગ્ન કરો કે ભાગીને, લગ્નજીવનની સમસ્યાઓનો સામનો તો બે વ્યક્તિઓએ જ કરવાનો હોય છે. હા, તમે બન્નેએ તમારી નવી દુનિયા વસાવવા માટે જે ધીરજ, ખંત અને પ્રેમથી જીવનની કઠણાઈઓનો સામનો કર્યો છે એ કાબિલેદાદ છે. ભવિષ્યને સિક્યૉર કરવા માટે બચત કરવી, પોતાનું ઘર લેવું જેવી પ્રાયોરિટી તમે નક્કી કરીને એ માટે મથો છો એ બતાવે છે કે તમે બન્ને મૅચ્યોર છો.

સામાન્ય રીતે મમ્મી-પપ્પાના ભર્યાભાદર્યા ઘરમાં તમે લગ્નજીવન શરૂ કરો તો બધી જ વસ્તુઓ તમને તૈયાર ભાણે મળી જતી હોય છે, જ્યારે અહીં તમારે રોજના ધાનથી માંડીને ઘરવખરી બધું જ મૅનેજ કરવાનું હોય ત્યારે હાથ ટૂંકો તો રહેવાનો જ. ઘણી વાર પોતાનાથી ઘરની પ્રાથમિક ચીજો પણ સરખી રીતે મૅનેજ નથી કરી શકાતી એ વાતનો એટલો માનસિક ભાર હોય છે કે પુરુષોને વાતે-વાતે ગુસ્સો આવી જાય છે. આ ગુસ્સો વાજબી હોય છે એવું નહીં કહું, પણ એવા સમયે સ્ત્રીઓ ખોટું લગાડીને સામો ગુસ્સો કરે તો વાત વણસે છે. પૈસાની સંકડાશ હોય અને ઘણુંબધું કરવાની મહત્વાકાંક્ષા હોય ત્યારે પુરુષો અંદરથી ખૂબ જ ભીંસ અનુભવતા હોય છે. આ ભીંસને ઘણી વાર અવળી રીતે તેઓ પત્ની પર ઉતારે છે.

પૈસાના મુદ્દાને તમે મોટો ન બનાવો. તમારા બ્યુટી પાર્લરમાં તેમને પણ ક્યારેક બોલાવો અને બધું દેખાડો. તેમની શંકાને તમારે તૂત આપવાની જરૂર નથી. એના બદલે રોજ દિવસમાં એક કલાક હળવાશથી સાથે ગાળવાનો નિયમ લો. નાણાભીડને કારણે ઑલ વર્ક નો પ્લે એવું ન થવું જોઈએ. વીક-એન્ડ દરમ્યાન નવાં લગ્નનો રોમૅન્સ ફરી જગાડો. હંમેશાં ઘરની તકલીફોની ચર્ચા કરવાને બદલે પ્રેમની પળો માણો. જીવનમાં સમસ્યાઓ કરતાં પ્રેમનો ડોઝ વધી જશે એટલે તમામ શંકાઓ સરી જશે.

મારું વજન ૯૦-પત્નીનું ૬૮ છે એવામાં અમારા માટે બેસ્ટ પોઝિશન કઈ?

સવાલ : મારાં લગ્નને છ મહિના થયાં છે. આ પહેલાં કૉલેજમાં કે એ પછી પણ ક્યારેય હું ફિઝિકલી કોઈની સાથે જોડાયો નહોતો. હું મૅસ્ટરબેશન જ કરતો હતો. હાલમાં વાઇફ સાથે સમસ્યા કમ્ફર્ટેબલ પોઝિશનની છે. અમે ઘણી વાર ઈન્ટિમસી આગળ વધારવાનો પ્રયત્ન કર્યો, પણ અમને એકેય પોઝિશનમાં મૂવમેન્ટ ફાવતી નથી. કદાચ એનું કારણ છે અમારું વજન. મારું વજન લગભગ ૯૦ કિલો જેટલું છે અને તેનું ૬૮ કિલો. ફીમેલ સુપિરિયર પોઝિશનમાં તેને મૂવમેન્ટ કરતાં નથી ફાવતું અને હું જ્યારે ઉપર હોઉં ત્યારે તેને મારું વજન નથી ખમાતું. અત્યાર સુધી અમે કદી ઇન્ટરકોર્સ દ્વારા ઑર્ગેઝમ પર નથી પહોચ્યાં. અમે એકબીજાને ઓરલી સંતુષ્ટ કરીએ છીએ. અમારા માટે બેસ્ટ પોઝિશન કઈ કહેવાય? કોઈ પણ પોઝિશનમાં પેનિટ્રેશન દરમ્યાન અમને મુશ્કેલી પડે છે.

જવાબ : તમારે અત્યારે પોઝિશન કઈ બેસ્ટ કહેવાય એના કરતાં તમારા સ્વાસ્થ્ય માટે શું બેસ્ટ છે એ સમજવું જરૂરી છે. વજન વધુ હોય અને બૉડીની ફ્લેક્સિબિલિટી ઓછી હોય તો સેક્સ્યુઅલ લાઇફની શરૂઆતમાં થોડીક ગડમથલ તો રહે જ. એવામાં વજન જે છે એનો સ્વીકાર કરી લેવો અને છતાં સેક્સલાઇફ સુધરે એવી ઇચ્છા રાખવી એ લાંબા ગાળાનું સૉલ્યુશન નથી. બીજું, વજન વધારે હોય એ જ એકમાત્ર સમસ્યા નથી, શરીરની ફ્લેક્સિબિલિટી પણ સારી હોવી જરૂરી છે. કાં તો તમારે શરીરનું વજન હાથ અને પગ પર લેવાની તાકાત કેળવવી જોઈએ કાં પછી સમાગમ દરમ્યાન ઉપરની પોઝિશનમાં ન રહેવું જોઈએ. એનાથી સામેવાળી વ્યક્તિ પર વધુ વજનને કારણે સમાગમનો આનંદ નહીં, અકળામણ થાય એવું બની શકે.

મેદસ્વી યુગલો સ્પૂન પોઝિશન કે ડૉગી પોઝિશન અપનાવી શકે છે. જોકે આ તો શૉર્ટ ટર્મ અને ઇન્સ્ટન્ટ ઉકેલ છે. તમારી ઉંમર જોતાં તમારે લાંબા ગાળાનું વિચારવું જોઈએ. તમે ખરેખર તમારી સેક્સલાઇફ માટે ગંભીર હો તો બીજા શૉર્ટકટ અપનાવવાને બદલે વજન ઘટાડવા પર ધ્યાન પરોવવું જોઈએ. યોગ્ય ડાયટ અને એક્સરસાઇઝ કરીને ફિટ ઍન્ડ ફાઇન બની શકો છો. ઓબેસિટીને કારણે અત્યારે તમને માત્ર પોઝિશન અપનાવવામાં તકલીફ પડી રહી છે, પણ વધુપડતું વજન હોવાથી ફર્ટિલિટી પર પણ માઠી અસર થાય છે.

તંત્રી સ્થાનેથી...

ઈજનેરો ઓછા લાયક

દેશમાં એન્જિનિયરિંગના શિક્ષણને લઈને નિરાશાજનક ચિત્ર સપાટી પર આવ્યુ છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે દેશના ૮૦ ટકાથી વધારે એન્જિનિયરો આજની કુશળ વ્યવસ્થા મુજબ નોકરીને લાયક નથ. આ સર્વે મુજબ કહેવામાં આવ્યુ છે કે શિક્ષણ પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. આ સર્વેક્ષણ ૭૫૦થી વધારે કોલેજના એક લાખ ૮૦ હજાર વિદ્યાર્થીઓને આવરી લઈને કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. સર્વેમાં જાણવા મળ્યુ કે માત્ર ત્રાણ ટકા એન્જિનિયરોન પાસે જ આર્ટિફિશિયલ ઈન્જેલિજન્સ, મસન લર્નિંગ, ડેટા સાયન્સ અને મોબાઈલ ડેવલપમેન્ટ જેવી માંગ ધરાવતા ક્ષેત્રોમાં નવી અને જુની ટેકનોલોજ અંગે માહિતી છે. રિપોર્ટમાં ભારતીય એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓની બેરોજગાર અને કેટલીક બાબતો તરફ ઈશારા કરવામાં આવ્યા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં એક કરતા વધારે ઈન્ટર્નશીપ કરનાર વિદ્યાર્થી માત્ર સાત ટકા છે. જ્યારે ૪૦ ટકા એન્જિનિયરો માત્ર એક ઈન્ટર્નશીપ કરે છે. માત્ર ૩૬ ટકા એન્જિનિયરો જ એવા છે જે પોતાના કોર્સ કરતા અલગ કોઈ પ્રયોગ કરતા રહે છે. પરિણામ એ છે કે આજે જુદા જુદા પ્રકારની સમસ્યાને ઉકેલવાના બદલે સમસ્યા વધારે ગંભીર બની રહી છે. જુદા જુદા પ્રકારની સમસ્યાને હલ કરવા માટે યોગ્યતા ભારતીય એન્જિનિયરો હાંસલ કરી શક્યા નથી. કોલેજોમાં વ્યવહારિક જ્ઞાન ઓછા પ્રમાણમાં અને સૈધ્ધાતિક જ્ઞાન વધારે આપવામાં આવે છે. ૬૦ ટકા શિક્ષકો ઔદ્યોગિક ક્ષેત્રની જરૂરિયાત માટે કોઈ ચીજો પર વાત કરતા નથી. ઈન્ડસ્ટ્રીઝ પર માત્ર ૪૭ ટકા એન્જિનિયરો કરે છે. બાકીના વિદ્યાર્થીઓ તો માત્ર કિતાબી જ્ઞાન હાંસલ કરીને પરીક્ષા આપે છે અને સારા નંબર પણ મેળવે છે. જો કે તેમને આગળ ચાલતા તકલીફનો સામનો કરવો પડે છે. આ ચિત્ર ચોક્કસપણે નિરાશ કરે તે પ્રકારનુ છે. હાલમાં કેટલાક રિપોર્ટ આવ્યા છે જેમાં સાફ શબ્દોમાં કહેવામાં આવી રહ્યુ છે કે દેશમાં એન્જિનિયરિંગ શિક્ષણમાં અનેક ખામી છે. છેલ્લા એક દોઢ દશકમાં દેશમાં એન્જિનિયરિંગ કોલેજના ક્ષેત્રમાં પુર જેવી સ્થિતી છે. જેમાંથી મોટા ભાગની કોલેજોને જંગી ફી સાથે મતલબ હોય છે. આ કોલેજો તેમની ફેકલ્ટીને મજબુત કરવા માટે ક્યારેય પ્રયાસ કરતા નથી. માત્ર ડિગ્રી આપીને નિશ્ચિત થઈ જાય છે. પરંતુ આ પ્રકારના ડિગ્રી ધારક એન્જિનિયરોને બજાર પોતાના લાયક સમજતા નથી. જેથી બેરોજગાર એન્જિનિયરોની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. વર્ષ ૨૦૧૬માં બીઈ બીટેકના આશરે આઠ લાખ ડિગ્રી ધારકો પૈકી માત્ર ૪૦ ટકા વિદ્યાર્થીઓને કેમ્પસમાં પસંદ કરવામાં આવ્યા હતા. આવી સ્થિતીમાં એન્જિનિયરિંગને લઈને વિદ્યાર્થીઓના મોહ ભંગ થઈ રહ્યા છે. બીઈ અને બીટેકની આશરે ૧૫.૫ લાખ સીટોમાં ૫૧ ટકા સીટો ૨૦૧૬ અને ૧૭માં ખાલી રહી ગઈ હતી. જાણકાર લોકોનુ સુચન છે કે પહેલા વર્ષથી એન્જિનિયરિંગ કોલેજોને વિદ્યાર્થીઓની રોજગાર લક્ષી કુશળતા પર ધ્યાન કેન્દ્રિત કરવાની શરૂઆત કરવી જોઈએ. ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને કુશળ બનાવવા માટે કાર્યક્રમ આધારિત ટ્રેનિંગ યોજના ચાલે તે પણ જરૂરી છે.

ભારતમાં ૮૦ ટકાથી વધારે એન્જિનિયર આજની વ્યવસ્થા મુજબ જોબ લાયક નથી


જંક ફુડ, પેક્ડ ચીજો ટાળો

સંતુલિત ભર્જન યોગ્ય સમય પર કરવાથી શરીરને પૂર્ણ પૌષણ મળે છે. વધારે પ્રમાણમાં મીઠુ અને ખાંડ નહીં લેવાની સલાહ તમામ ડાયટ નિષ્ણાંતો અને તબીબો આપે છે. જંક ફુંડ અને પેક્ડ ચીજોનો ઉપયોગ શક્ય તેટલા પ્રમાણમાં ઓછા પ્રમાણમાં કરવામાં આવે તો જરૂરી છે. પૌષક તત્વો પુરતા પ્રમાણમાં નહીં લેવાના કારણે સ્થુળતા વધે છે. શરીરમાં ઝેરી તત્વો અથવા તો ટોક્સિન્સ વધે છે. ૭-૮ કલાકથી ઓછા પ્રમાણમાં નીંદ લેવાના કારણે પણ થાક લાગે છે. આળસ આવે છે. પાચનની સમસ્યા ઉભી થાય છે. હાર્ટ સાથે સંબંધિત બિમારી પણ આવી શકે છે. હાઈજીનને પણ ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે. આની સીધી અસર દિલો દિમાગમાં થાય છે. મો, દાંત અને શરીરના અન્ય અંગોની સફાઈ પણ કરવામાં આવે તે જરૂરી છે. કોઈ પણ ચીજ ખાતા પહેલા હાથને સાબુ સાથે સારી રીતે ધોવામાં આવે તે જરૂરી છે. તાજેતરમાં જ કરવામાં આવેલાં નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, આરોગ્યપ્રદ ચીજો ખાવાથી હાર્ટ સાથે સંબંધિત રોગોથી મૃત્યુ થવાની સંભાવના ઘટી જાય છે. કાર્ડિયોવેસ્ક્યુલર ડિસીઝ (સીવીડી)થી મોતની ટકાવારીમાં આનાં લીધે ઘટાડો થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, આરોગ્યપ્રદ ચીજ-વસ્તુઓ અથવા તો શાકભાજીનો ઉપયોગ કરવામાં આવેતો સીવીડીથી મોતનો દર ઘટીને અડધો થઈ જાય છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયકોલોજીનાં પ્રોફેસર સિમોન કેપવેલે કહ્યું છે કે, બિનઆરોગ્યપ્રદ ખાવાની ટેવ હમેંશા ખતરનાક સાબિત થાય છે. આનાં લીધે રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થાય છે. સીવીડી સામે લડવા માટે આરોગ્યપ્રદ ચીજ-વસ્તુઓ જરૂરી છે. વ્યક્તિગતો અને વસતીનાં સ્તરમાં સીવીડી સંબંધિત મોતને રોકવા હેલ્થી ઈટિંગની ટેવ રાખવી જોઈએ. યુનિવર્સિટી ઓફ લિવરપુલ દ્વારા કરવામાં આવેલાં અભ્યાસમાં જાણવા મળ્યું છેકે પોષક તત્વો વગરના ભોજનથી સીવીડીનો ખતરો વધે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વધારે પ્રમાણમાં ફળફળાદિ, શાકભાજી ખાવાથી બિમારી દૂર થાય છે. ડાયટને સંતુલિત રાખવામાં આવે તેવી રજૂઆત પણ આમાં કરવામાં આવી છે. આ અભ્યાસનાં તારણો બ્રિટિશ મેડિકલ જનરલમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છેકે, ફળફળાદી, શાકભાજી વધારે પ્રમાણમાં ખાનાર વ્યક્તિમાં વૈશ્વિક સ્તરે સીવીડીથી મોતનો આંકડો ૨.૬ મિલિયન જેટલો ઘટી જાય છે.

નોકરી કરતી મહિલાઓની સંખ્યામાં ઘટાડો થતા નવી ચર્ચા છેડાઈ

નોકરી છોડવી ઈચ્છા કે પછી મજબુરી

દરેક ક્ષેત્રમાં પોતાની કુશળતાના કારણે આજે નવી નવી ઉંચાઈ પર મહિલાઓ પહોંચી રહી છે. એક પછી એક મોટી સિદ્ધીઓ મહિલાઓ હાંસલ કરી રહી છે. આવી સ્થિતીમાં હાલમાં જારી કરવામાં આવેલા એક સર્વેક્ષણના કારણે કેટલાક પ્રશ્નો આર્થિક વિસ્તાર પર ઉઠે તે સ્વાભાવિક છે. આજે ભારતીય મહિલાઓ કાર્યક્ષેત્રના સ્થળ પર રહેલા તમામ પ્રકારના પડકારોનો જવાબ આપીને તેમની જવાબદારી શાનદાર રીતે અદા કરી રહી છે. પોતાના કામને ઈમાનદારી સાથે પૂર્ણ કરી રહી છે. છતાં કામકાજ મહિલાઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. કામકાજ મહિલાઓની સંખ્યામાં સતત ઘટાડો કેમ થઈ રહ્યો છે તે પ્રશ્ન પણ તમામ જાણકાર લોકોને હવે સતાવી રહ્યો છે. કામકાજ મહિલાઓની સંખ્યામાં ઘટાડો થવાના કારણે ભારતના મજબુત આર્થિક વિસ્તાર પર પ્રશ્નો ઉઠી રહ્યા છે. કામકાજ મહિલાઓની સંખ્યાને ધ્યાનમાં લેવામાં આવે તો ર્ષ ૨૦૦૫-૦૬માં કામકાજી મહિલાઓની સંખ્યા ૩૬ ટકા હતી. જે વર્ષ ૨૦૧૫-૧૬માં ઘટીને ૨૪ ટકા થઈ છે. આર્થિક સર્વેક્ષણ ૨૦૧૮ના આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે મહિલાઓમાં સાક્ષરતાનો દર વર્ષ ૨૦૦૫-૦૬માં ૫૦.૮ ટકા હતો. જે હવે ૬૨.૯ ટકા થઈ ગયો છે. એટલે કે છેલ્લા ૧૦ વર્ષના ગાળામાં મહિલાઓની રોજગારીમાં ૧૨ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે. સાથે સાથે સાક્ષરતાા દરમાં આશરે ૧૨ ટકાનો વધારો થયો છે. વર્લ્ડ બેંકના રિપોર્ટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. મોટી મોટી પરીક્ષાઓને પાસ કરનાર મહિલાઓ જ્યારે પણ તેમના કેરિયરે બનાવવા માટે આગળ વધે છે ત્યારે સામાજિક અને પારિવારિક જવાબદારી તેને પાછળ ખેંચે છે. કેટલીક વખત તો ભાવનાત્મક રીતે પણ બ્લેકમેલ કરીને પરિવાર જ તેને ઘરમાં બેસવા



આર્થિક સર્વેક્ષણના આંકડા દર્શાવે છે કે સાનુકુળ માહોલ હોવા છતાં કામકાજી મહિલાઓની સંખ્યા સતત ઘટી રહી છે : મુલ્યાંકન પ્રક્રિયા શરૂ

માટે મજબુર કરે છે.જાણકાર લોકો છે કે મહિલાઓ અને યુવતિઓની ભૂમિકા આજના સમયમાં ચોક્કસપણે બદલાઈ રહી છે પરંતુ વિચારધારા લોકોની અને પરિવારની હજુ બદલાઈ રહી નથી. આ બાબતને નકારી શકાય નહી કે આજની મહિલાની ભૂમિકા બદલી છે. તેને નિર્ણાય નિર્ણય લેવા માટેના હોદ્દા પર બેસાડી દેવા માટે પણ કોઈ ખચકાટ નથી. પોતાની બદલાઈ રહેલી ભૂમિકાને મહિલાઓ શાનદાર રીતે અદા કરી રહી છે. મહિલાઓ તેમની બદલાઈ રહેલી ભૂમિકાને સંભાળી લેવાની સાથે સાથે સમાજ અને પરિવારની કાળજી લેવાને લઈને પણ કટિબદ્ધ રહી છે. તે પોતાની નવી ભૂમિકામાં જોરદાર રીતે તાલમેળ બેસાડી દેવા માટે કટિબદ્ધ છે. જો કે સમાજની વિચારધારાના કારણે તેમની સામે કેટલીક અડચણો આવે છે. આ જ કારણસર તમામ પ્રકારની કુશળતા હોવા છતાં કામકાજી મહિલાઓની સંખ્યા નોકરીના ક્ષેત્રમાં સતત ઘટી રહી છે. સમાજ અને પરિવારની વિચારધારાને બદલી નાંખવા માટેની જરૂર છે. આ મહિલાઓને મોટા પાયે પારિવારિક ભૂમિકા અદા કરવા અને માતા બનવા માટેની કિંમત ચુકવવી પડી રહી છે. આના માટે કેટલા હદ સુધી કોર્પોરેટ કલ્ચર પણ જવાબદાર છે. સાથે સાથે સામાજિક માળખુ પણ જવાબદાર છે. જેમાં બાંધછોડ માત્ર મહિલાઓને કરવી પડે છે. જોવામાં આવે તો તેમની પાસે આશા એ રાખવામાં આવે છે કે તેં વી પણ ચીજો હોય તેને માત્ર વ્યવસ્થિત કરવા પર ધ્યાન આપે. આના માટે તેને ભલે કેરિયરને પણ દાવમાં લગાવી દેવામાં આવે તો પણ લગાવી દે. પોતાના સપનાના પંખને કાપી દેવાની જરૂર હોય તો તે પણ કરે તે હદ સુધી મહિલાઓને બાંધછોડ કરવાની ફરજ પાડવામાં આવે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે ૭૩ ટકા મહિલાઓ તો માતા બનવાની સાથે જ નોકરી છોડી દે છે. આ તમામ બાબતો આજે એવા સમય પર થઈ રહી છે જ્યારે મહલાઓ ઝડપથી શિક્ષિત બની રહી છે. કેટલાક ટકા પુરૂષો મહિલાઓની મદદ પણ કરી રહ્યા છે. સાથે સાથે જીવનશેલીની જરૂરિયાતને પણ મહિલાઓને નોકરીની જરૂરિયાતને એક મર્યાદામાં લાવી દેવામાં ભૂમિકા અદા કરી છે. સંયુક્ત પરિવાર આજે આધુનિક સમયમાં તુટી રહ્યા છે. પુરૂષો માટે ઘરના દાઈત્વને એકલા હાથ અદા કરવા માટેની બાબત પણ મુશ્કેલરૂપ બની રહી છે. આવી સ્થિતીમાં પણ મહિલાઓ નોકરી છોડી રહી છે. રિપોર્ટ મુજબ જુદા જુદા કારણોસર મહિલાઓને નોકરી છોડવાની ફરજ પડી રહી છે. જેમાં સામાજિક કારણ પણ છે. સામાજિક સહાયતા પણ મળી રહી નથી તે પણ એક કારણ છે. તમામ પાસા પર ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની જરૂર છે.

સાન ફ્રાન્સિસ્કો એટલે કે વિક્ટોરિયન-આધુનિક વાસ્તુકળાનુ સંગમ

સાન ફ્રાન્સિસ્કો એટલે આધુનિક સ્થળ

જ્યારે કોઈ વ્યક્તિ સાન ફ્રાન્સિસ્કોના સંબંધમાં વિચાર કરે છે ત્યારે તેના મનમાં એક એવા શહેરનુ ચિત્ર ઉપસી આવે છે જ્યાં વિક્ટોરિયન અને આધુનિક વાસ્તુકળાનુ સંગમ થયેલુ છે. બહુસાંસ્કૃતિક વસ્તી અને ખુશનુમા માહોલ અને વાતાવરણના કારણે આ શહેર તમામ પ્રવાસીઓને આકર્ષિત કરે છે. તેન કેટલીક વિશેષતાના કારણે આજે સાન ફ્રાન્સિસ્કો દુનિયાના ટોપ પ્રવાસી સ્થળ પૈકીના એક તરીકે છે. મોટી સંખ્યામાં પ્રવાસીઓ દુનિયાભરના દેશોમાંથી અહીં આવતા રહે છે. અહીં કેટલાક શાનદાર સંગ્રાહલય છે. અહીં મોટી સંખ્યામાં સ્મારક પણ જોવાલાયક છે. જમ કે ગોલ્ડન ગેટ બ્રિજના સંબંધમાં તો કહેવામાં આવે છે કે આના પુલનુ નર્માણ હવે કરી શકાય નહી. આ જ કારણસર આ દુનિયાના સાત અજુબા પૈકી એક તરીકે છે. આ પુલનુ નિર્માણ કરવાની બાબત સરળ ન હતી. કઠોર પવન, ધુમ્મસ અને જોખમ ભરેલા અનેક પડકારો વચ્ચે આ પુલને વર્ષ ૧૯૩૭માં શરૂ કરવામાં આવ્યુ હતુ. જ્યારે ઐતિહાસિક બંદરની પાસે પિયર ૩૯ સ્થિત છે. અદ્ભુત નજારા અને દરિયાઈ સીલથી લઈને ચાઉડર બ્રેડ બાઉલ સુધી આપની યાત્રા પિયર ૩૯થી શરૂ થાય છે. એમ કહેવામાં આવે છે કે આ સાન ફ્રાન્સિસ્કોમાં સૌથી વધારે લોકો દ્વારા જોવામનાં આવતી જગ્યા પૈકી એક જગ્યા છે. જ્યાં શહેરઅને અખાતના નજારાને જોઈ શકાય છે. શાનદાર ભોજન પણ તમામને આકર્ષિત કરે છે. મનોરંજન અને ખરીદારીના વિકલ્પ તો રહેલા જ છે. પિયરના પ્રવેશ દ્વારા પર અખાતના એક્વેરિયમ છે. જે સાન ફ્રાન્સિસ્કોની ખાડીની નીચે જીવનમાં ન ભુલી શકાય તેવો નજારો રજૂ કરે છે. પિયર ૩૯ અહીંના માછીમારોના ઘાટ, બીચ સ્ટ્રીટ અને એમ્બર કેડરો પર સ્થિતછે. પ્રવેશ દ્વારા પ્લાજાથી સીધી રીતે અંદર આવવાની સ્થિતીમાં ગેરેજમાં પાર્કિંગની સુવિધા પણ મળે છે. પિયર ૧૫ના નવા બદર પર બનાવવામાં આવેલા એક્સપ્લોરેટોરિયમ પણ ઓછા



આદર્શ હવામાન અને બહુસાંસ્કૃતિક વસ્તીના કારણે આ શહેર તમામને આકર્ષિત કરે છે : ચારેબાજુ એકથી એક સ્મારક જોઈ શકાય છે

શાનદાર તરીકે નથી. સીએનએન દ્વારા બાળકો માટે બનાવવામાં આવેલા સંગ્રહાલયમાં તમામ વયના લોકોને ૬૦૦ પ્રદર્શની વસ્તુ સ્પર્સ કરવા, તપાસ કરવા અને રમવા માટેની તક આપે છે. ફરતા ફરતા જો ભુખ લાગે તો તેની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. એક્સપ્લોરેટોરિયરમની અંદર જ કેફે અને વોટર ફ્રન્ટ રેસ્ટોરન્ટ છે. જે સિઝનલ અને ઓછા સસ્તા ભોજનની સુવિધા સરળ રીતે ઉપલબ્ધ છે. ઈટાલિયન વિરાસતથી સમૃદ્ધ નોર્થ બીચ પર જેજ ક્લબ, આર્ટ ગેલેરી અને ગેસ્ટ હાઉસની સુવિધા રહેલી છે. ફેમિલી રેસ્ટોરન્ટ અને જિલાટો પાર્લર પણ છે. કેપેચીનો અને એસ્પ્રેસોના શોખ ધરાવતા લોકો માટે પણ અહીં કેટલીક ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં લાઈવ સંગીત પણ તમામ લોકોને રોમાંચિત કરે છે. સવારે વોશિંગ્ટન સ્કવાયરમાં લોકો રોજ તાઈ ચીમાં અભ્યાસ કરે છે. ટેલિગ્રાફ હીલ પર કોઈટ ટાવરથી અદભુત નજારા દેખાય છે. વર્ષ ૧૯૩૩માં ૩૦ કલાકારોએ તેના ગ્રાઉન્ડ ફલોરની દિવાળો પર ચિત્ર બનાવવ્યા હતા. આ પહાડી ફિલ્બર્ટ અને ગ્રીન વીચના માર્ગોની સાથે સાથે ગ્રીન બાગ બગીચાથી જોડાયેલી છે. જો તમે અસલી કેલિફોર્નિયાને જોવા માંગો છો તો ધ ઓરિજિનલ રોડ ટ્રીપનો અનુભવ કરી શકો છો. સ્વિમીંગ માટે દરિયાઈ કાઠા પર અને પ્રશાંત મહાસાગરના મનોરમ નજારાને જોઈ શકો છો. રોમાંચક બાબત એ છે કે અહીં તાપમાન અને પરિસ્થિતી કલાકે કલાકે બદલાઈ જાય છે. શહેરના જુદા જુદા હિસ્સામાં અલગ અલગ તાપમાન હોઈ શકે છે. હમેશા મોટા ભાગે અહીં આદર્શ વાતાવરણ રહે છે. જો કે આ જગ્યાએ પ્રવાસમાં જતી વેળા કેટલીક બાબતોને ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે. દરેક પ્રકારના સાધન અને વસ્ત્રો સાથે રાખવામાં આવે તે પણ જરૂરી છે. પ્રવાસીઓ માટે આ જગ્યાએ ફરવા માટેની એક આદર્શ જગ્યા તરીકે ગણી શકાય છે. સાથે સાથે દુનિયાના દેશોમાંથી લોકો અહીં પહોંચી પણ રહ્યા છે.

હેલ્થ ટિપ્પ : ટેન્શનનો હલ માત્ર માનસિક સારવાર જ નથી...

પૌષ્ટિક ભોજનથી જીવનશેલી સ્વસ્થ

ટેન્શન જેવા શબ્દના કારણે આજે તમામની રોકેટ ગતિથી દોડતી લાઈફમાં ઝેર ઘોલી દેવાનુ કામ કર્યુ છે. તેની જડ એટલી ઉંડી હોય છે કે તેની નકારાત્મક અસર માત્ર દિમાગ પર જ નહીં બલ્કે શરીરને પણ નુકસાન કરે છે. આધુનિક સમયમાં દરેક વ્યક્તિને કોઈને કોઈ પ્રકારના ટેન્શન રહે છે. એકબાજુ વિદ્યાર્થીને સારા માર્ક લાવવા માટે ટેન્શન રહે છે. યુવક યુવતિઓને પોતાની કેરિયરને લઈને ચિંતા રહે છે. આવી જ રીતે સિનિયર લોકોને તેમના એકલાપણા અને ઉપેક્ષાના કારણે ટેન્સાન રહે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે પૌષ્ટિક ભોજન અને સ્વસ્થ જીવનશેલીની સાથે ટેન્શનની સમસ્યાને દુર કરી શકાય છે. આપના ભોજનમાં દરેક પ્રકારના પૌષક તત્વો સામેલ કરવામા આવે તે જરૂરી છે. જો આવુ કરવામાં આવશે તો તમે વધારે સ્વસ્થ રહી શકો છો. ગ્રીન ટી પણ અસરકારક રહે છે. હર્બલ ટીમાં થિયાનાનિ હોય છે. જે શરીર અને દિમાગને આરામ આપે છે. તેમાં રહેલા એન્ટીઓક્સિડન્ટ મેટાબોલિઝમ સિસ્ટમને સ્વસ્થ રાખે છે. ગ્રીન ટીમાં એક ચમચી મધ નાંખવામાં આવે તો શરીરને તરોતાજા કરી નાંખે છે. કેમોમાઈલ, પેર મિન્ટ અને આદુવાળા હર્બલ ચાથી પાચનતંત્ર વ્યવસ્થિત રહે છે. ટેન્શનને ઘટાડી દેવામાં પણ મદદરૂપ થાય છે. બીજી બાજુ પાલકમાં મેગ્નેશિયમ દિમાગ ને અતિ પ્રતિક્રિયાથી રોકવામાં ભૂમિકા અદા કરે છે. લોહ તત્વ અને વિટામિન એ તેમજ સીનુ યોગ્ય પ્રમાણ ભોજનને સંતુલિત બનાવે છે. પાલકને ગુણના ખજાના તરીકે ગણવામા આવે છે. અખરોટ, બદામ અને પિસ્તા પણ દિમાગને શાંત રાખવામાં ભૂમિકા અદા કરે છે.સાથે સાથે પૂરતા પ્રમાણમાં શુદ્ધ પાણીના ઉપયોગથી શરીરમાં જમા થતાં અનેક ઝેરી તત્વો બહાર નીકળી જાય છે અને રોગપ્રતિકારક ક્ષમતા વધી જાય છે. પાણીને સામાન્ય તાપમાન ઉપર રાખીને અથવા તો આંશિક પ્રમાણમાં ગરમ કરીને ઉપયોગ કરવાથી વધુ ફાયદો થાય છે. ફીજના પાણીનો ઉપયોગ ન કરવાની સલાહ આપવામાં આવી છે. પૂરતા પ્રમાણમાં ખનીજ અને વિટામીનનો ઉપયોગ પણ જરૂરી બને છે. તમામ પ્રકારના ફળમાં ખનીજ અને વિટામીન સીનું પ્રમાણ રહે છે. કોઈપણ પ્રકારના રસ અથવા તો જ્યુસમાં ખાંડ અથવા તો મીઠું મિક્સ કરવામાં ન આવે તેવી સલાહ પણ આપવામાં આવે છે. ઠંડીના દિવસોમાં ફળ ઉપરાંત શાકભાજીની ભૂમિકા પણ મહત્વપૂર્ણ રહે છે. આ ઉપરાંત મધ, ચણા જેવી ચીજવસ્તુઓનો ભરપૂર ઉપયોગ કરવાથી પણ ફાયદો થાય છે. આનાથી પોષક તત્ત્વોની ક્ષમતા વધી જાય છે. ભોજનની સાથે સાથે સલાડનો વ્યાપક ઉપયોગી સાબિત થાય છે. ગેહૂ, બાજરી, મકાઈ જેવા અનાજની ભૂમિકા પણ રોગપ્રતિકારક ક્ષમતાને વધારવામાં મહત્વની હોય છે.બાળકોને ગ્રોઈંગ એજમાં પૂરતા પ્રમાણમાં પ્રોસ્ટિક અને યોગ્ય ડાઈટ આપવાની સલાહ નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બાળકો સાથે બળજબરી પૂર્વક ન કરવી જોઈએ. બાળકોને પસંદગીની ચીજવસ્તુઓ આપવા માટે યોગ્ય વલણ અપનાવવાની સલાહ પણ આપવામાં આવી છે. અભ્યાસ મુજબ દરેક ચીજના પોષક તત્વો અંગે પહેલાં માતા-પિતા માહિતી મેળવે તે જરૂરી છે. માહિતી મેળવી લીધા બાદ બાળકોને ખૂબ જ સાવધાનીપૂર્વક આ ચીજવસ્તુઓ આપવી જોઈએ. બાળકોની ગ્રોઈંગ એજમાં તેમના માટે પોષક તત્વો ખૂબ જ જરૂરી છે પરંતુ આધુનિક સમયમાં ફૂડ વિકલ્પો વધી ગયા છે જેના પરિણામ સ્વરૂપે બાળકો જંક ફૂડની તરફ આકર્ષિત થયા છે. ન્યુટ્રીસનિસ્ટ સુનિતા દુબેનું કહેવું છે કે માતા-પિતાને બાળકોમાં ખાવા-પીવાની સારી ટેવ પાડવી જોઈએ.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઇ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

---

the next big thing

URMI

INVESTMENT CONSULTANCY
CREATING WEALTH SINCE 1999

અનેક નહી
એક
INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak

2200 दिन मे. .

મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ ? પરંતુ
શું આપનો Portfolio સહી હૈ ?
SWACHH PORTFOLIO ABHIYAN

સમૃદ્ધ = ભારત

૨૦૨૫ ને ધ્યાનમાં રાખીને આપના PORTFOLIO ને સ્વચ્છ કરાવો.

- નવા PAN કાર્ડ
- URGENT PAN કાર્ડ
- PAN કાર્ડમાં સુધારો
- 15 વર્ષના અનુભવી

B.Com. Computer જાણકાર જોઈએ છે.
F.Y., S.Y., T.Y. વાળા પણ સંપર્ક કરી શકે છે.

વીલ બનાવવા માટે સંપર્ક કરો.
CUSTOMER CARE: 8200434554

વધુ માહીતી માટે સંપર્ક કરો.

સરનામું : ૨૪-૨૫, પહેલો માળ, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૪૨૫૨૫, ૨૬૭૭૭૮

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય સીતારામ ॥ ॥ શ્રી આશાપુરી માતાય નમઃ ॥

જય જગન્નાથ એગ્રોટેક

૬, કિશ્ના કોમ્પ્લેક્ષ, માર્કેટ યાર્ડ સામે, હાઈવે રોડ, બાવળા. જિ. અમદાવાદ.
કનુભાઈ એસ. પ્રજાપતિ
Web : jayjagannathagrotech.com
Email : jayjagannathagro@gmail.com
9714 115 115 મો. 94273 60548, 91572 30464

ખેતીને લગતા ટ્રેક્ટર સંચાલિત આધુનિક-વૈજ્ઞાનિક સાધનોના ડીલર

ટોકરી મોડલ ૪૦ એચ.પી. ટ્રેક્ટર
પંજાબનું (હેવી) સબસીડીપાત્ર **ઓટોમેટિક થ્રેશર**
ઘઉં-ચણાનું (ડાલા, તુવેર, સોયાબીન, જુવાર, બાજરો, ચણા - ૨૭ જાતના પાક)

સ્પે. મગફળી થ્રેશર સબસીડીપાત્ર (વીણી-તજ મગફળીનું થ્રેશર)

મગફળી ડિગર સબસીડીપાત્ર મગફળી ઉખાડવાનું

ટ્રોલી
ટ્રેક્ટર કંબાઈન્ડ થ્રેશર/હાર્વેસ્ટર સબસીડીપાત્ર ૯ ફૂટ કટર

હાર્વેસ્ટર (ભીની તથા મોકું) (સ્વરાજ તથા અન્ય પંજાબના કોઇપણ હાર્વેસ્ટર) સબસીડીપાત્ર ૫૨-૧૨-૧૪ ફૂટ કટર

ચારણો કરતું
લસણ/ડુંગળીનું કટર ટ્રેક્ટર - ઈલેક્ટ્રીક મોટર સંચાલિત (જાનું/મોકું)

ડીલર
મહિન્દ્રા રોટાવેટર (હેવી) સબસીડીપાત્ર ૫- ૫.૫-૬ ફૂટ

ડીલર
કોમ્પ્યુટર પાવડો લેઝર લેવલર (સિંગલ - ડબલ ટાયર) ઓરીજીનલ જર્મની - ઇટાલી સબસીડીપાત્ર

૨, ૩, ૩.૫ ફૂટ
આંતરખેડ (પાવર વિડર) ઘાસનું રાંપડા દેવાનું - ઢૂંઢવાનું પેટ્રોલ તથા ડીઝલ (સબસીડી પાત્ર)

ટ્રોલી-ઢગલામાંથી ગોડાઉનમાં હુસેલ-ફૂલ-કુંવળ ભરવાનું બ્લોઅર, બંધારિયું, પંજાબનું સાદું રિવર્સ લોડર, પાવડો-રિવર્સ પાવડો, થ્રેર તથા બહારગામથી મોબાઈલ દ્વારા મોટરપંપ ચાલુ-બંધ કરવાનું મશીન, બેટરી શોટ-ઝટકા તાર ફેન્સીંગ, ચાપ કટર (પૂળા કાપવાનું) તથા અન્ય ખેતીકામને લગતા તમામ પ્રકારના સાધનો મળશે.

ચાલુ કામનો વિડિયો વોટ્સએપ/વેબસાઈટ/યુટ્યુબ પર જોવા મળશે. | ટૂંક સમયમાં હાર્વેસ્ટરના સ્પેરપાર્ટ્સ મળશે.

ખેડૂતોએ ખેતીકામના કોઈપણ સાધનો ખરીદતાં પહેલાં એક વખત ફુબરુ મુલાકાત અવશ્ય લેવી.

જૂનું છોડો... નવું અપનાવો... આગળ વધો... પ્રગતિ કરો... ખેડૂતનાથ એ જ જગન્નાથ

અખંડ ભારત રહો — અહિંસા પરમો ધર્મ

